**1902માં શરૂ કરાયેલી રોડ્ઝ સ્કોલરશિપ અંતર્ગત GNLUના હાતિમ હુસૈનનું સિલેક્શન થયું છે**

# હાર્ડવેરની દુકાન ચલાવતા પિતાનો પુત્ર ઓક્સફર્ડ યુનિ.માં લૉનો અભ્યાસ કરશે

વર્ષ ૧૯૦૨માં ઇંગ્લિશ બિઝનેસમેન દ્વારા શરૂ કરાયેલી રોડ્ઝ સ્કોલરશિપમાં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના સ્ટુડન્ટ હાતિમ હુસૈનનું સિલેક્શન કરાયું છે. સ્કોલરશિપ અંતર્ગત હાતિમ હુસૈન ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં બેચલર ઓફ સિવિલ લૉનો અભ્યાસ કરશે. હાતિમ હુસૈનના પિતા મહારાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારમાં હાર્ડવેરની દુકાન ચલાવે છે. હાતિમને મળેલી સ્કોલરશિપને તેમણે હાતિમ માટે મોટી જવાબદારી ગણાવી હતી. ઉપરાંત સ્કોલરશિપ દ્વારા સમાજ સેવા કરવાની અપીલ કરી હતી. હાતિમ હુસૈન વર્તમાન સમયમાં દિલ્હીમાં સુપ્રિમ કોર્ટના જસ્ટિસ ડૉ. ધનંજય ચંદ્રચુડની અંતર્ગત ઇન્ટર્નશિપમાં જોડાયેલા છે.

## રિસર્ચ પેપર, એકેડમિક એચિવમેન્ટ સાથે સામાજિક સેવા વિશેની માહિતી આપવી પડે છે

પોસ્ટગ્રેજ્યુએશનમાં ઓક્સફર્ડમાં અભ્યાસ કરવા માગતા સ્ટુડન્ટ્સ રોડ્ઝ સ્કોલરશિપ અંતર્ગત એપ્લિકેશન આપી શકે છે. જેના માટે સ્ટુડન્ટ્સે પોતાના રિસર્ચ પેપર, એજ્યુકેશનમાં એરિયા ઓફ ઇન્ટરેસ્ટ, એકેડમિક એચિવમેન્ટ અને સ્કોલરશિપ દ્વારા સમાજને કેવી રીતે મદદરૂપ બની શકશે તેની વિગતો જણાવવાની હોય છે. ઉપરાંત જે ક્ષેત્રમાં એજ્યુકેશન મેળવવા માગતા હોય તેની માહિતી આપવાની હોય છે.

## લોકોના જીવનની ગુણવત્તા સુધારવા વિશેનો અહેવાલ

જીએનએલયુમાં અભ્યાસ કરતા હાતિમ હુસૈને રોડ્ઝ સ્કોલરશિપની સાથે સોશિયલ એક્ટિવિટીને પ્રમોટ કરવા વિશેનો આર્ટિકલ પણ સબમિટ કર્યો હતો, જેમાં મહારાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારમાં વસતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા વિશેની માહિતી આપી હતી. હાલમાં આ વિસ્તારના લોકો પાયાની જરૂરિયાત અને સંસાધનોની ઊણપ સાથે જીવે છે. તેમના જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ હાતિમ દ્વારા કરાશે.

## સિવિલ લૉના એજ્યુકેશન દ્વારા સામાજિક નબળાં લોકોની મદદ કરવી છે



સ્કોલરશિપ અંતર્ગત મારું સિલેક્શન ન થયું હોત તો હું આવતા વર્ષે ફરીથી પ્રયત્ન કરવાનો હતો. માતાપિતાને સ્કોલરશિપ વિશે વધારે જાણકારી નથી પરંતુ મને મળેલા સન્માનને તેમણે જવાબદારી ગણાવી છે, સાથે મળેલી તક દ્વારા સમાજ સેવા કરવાની વાત પણ કરી છે. ઓક્સફર્ડમાં મારું એજ્યુકેશન સપ્ટેમ્બર ૨૦૨૦માં શરૂ થશે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના એજ્યુકેશનનો લાભ લઇને હું સામાજિક રીતે નબળાં લોકોની મદદ કરવા માગું છું. - **હાતિમ હુસૈન**

Scanned by CamScanner